અનુસૂચિત જાતિના લોકોને ઝડપથી, સમયમર્યાદામાં અને સરળતાથી જાતિ પ્રમાણપત્રો મળી રહે તે હેતુ સક્ષમ સત્તાધિકારીઓને અનુસૂચિત જાતિના પ્રમાણપત્રો આપવા માટેની સત્તા સોંપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:SJED/AJP/e-file/17/2024/0573/H

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૩/૧૦/૨૦૨૪

વંચાણે લીધા:-

(૧) આ વિભાગનો તા.૦૨/૦૮/૨૦૧૦ નો ઠરાવ ક્ર.:અજપ/૧૦૨૦૧૦/૩૬૩૪૪૬/હ.

(૨) આ વિભાગનો તા.૦૫/૦૧/૨૦૧૩ નો ઠરાવ ક્ર.:અજપ/૧૦૨૦૧૨/૪૦૦૧૧૮/હ.

(૩) આ વિભાગનો તા.૦૯/૦૪/૨૦૧૫ નો ઠરાવ ક્ર.:મકમ/૧૦૨૦૧૪/નામાભિધાન/જ.

(૪) આ વિભાગનો તા.૦૬/૦૫/૨૦૨૩ નો ઠરાવ ક્ર.:SJED/NIR/e-file/17/2023/0492/J.

(૫) આ વિભાગના તા.૦૪/૧૧/૨૦૨૩ની અધિસૂચના ક્રમાંક : SJED/EOD/e-file/17/2022/2654/J

(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૧/૧૨/૨૦૨૩ નો પત્ર ક્ર.:અજાક/મ-૪/જા.પ્ર.જનરલ-૯/૨૦૨૩/૬૪૨૫.

પ્રસ્તાવના: -

ભારત સરકારશ્રીના બંધારણીય હુકમ, ૧૯૫૦થી રાજ્યવાર અનુસૂચિત જાતિઓ નક્કી કરવામાં આવી છે. ત્યારબાદ ભારત સરકારના વખતો વખતના ઠરાવો અમલમાં છે. અનામતનો લાભ તથા જાતિ આધારિત અન્ય લાભો મેળવવા માટે અરજદારો/વિદ્યાર્થીઓ/ઉમેદવારોએ અનુસૂચિત જાતિ પૈકીની જાતિના ઉમેદવાર હોવા અંગેનું પ્રમાણપત્ર મેળવવાનું રહે છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના વિભાગના તા.૦૨/૦૮/૨૦૧૦ ના ઠરાવથી અનુસૂચિત જાતિના લોકોને ઝડપથી, સમયમર્યાદામાં અને સરળતાથી જાતિ પ્રમાણપત્રો મળી રહે તે માટે સક્ષમ અધિકારીઓ તેમજ સૂચનાઓ આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના વિભાગના તા.૦૫/૦૧/૨૦૧૩ ના ઠરાવથી જાતિ પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ સત્તાધિકારીઓમાં પ્રયોગ કેન્દ્ર સંચાલક, વર્ગ-૨ તથા હાઉસ માસ્ટર, સરકારી છાત્રાલય, વર્ગ-૨ નો ઉમેરો કરવામાં આવેલ.

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 04-Oct-2024 (01:31 PM)

વંચાણે લીધેલ ક્રમાંક:(૩) પરના વિભાગના તા.૦૯/૦૪/૨૦૧૫ ના ઠરાવથી જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી અને તકેદારી અધિકારી, વર્ગ-૧ ની જગ્યાને મર્જ કરી નાયબ નિયામક,વર્ગ-૧ તરીકે તેમજ હાઉસ માસ્ટર, પ્રયોગ કેન્દ્ર સંચાલક તથા મેનેજર, વર્ગ-૨ની જગ્યાને મર્જ કરી સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨ તરીકે નામાભિધાન નકકી કરવામાં આવેલ છે

વંચાણે લીધેલ ક્રમાંક:(૪) પરના વિભાગના તા.૦૬/૦૫/૨૦૨૩ ના ઠરાવથી ૦૭(સાત) મહાનગરપાલિકાઓ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, જામનગર, ભાવનગર અને જુનાગઢની કચેરીઓ માટે નિયામકશ્રી, અનુસૂચિત કલ્યાણની વિવિધ પ્રકારની આર્થિક, શૈક્ષણિક અને આરોગ્ય, વસવાટની યોજનાઓની અસરકારક કામગીરી માટે સમાજ કલ્યાણ અધિકારી(વર્ગ-૨) ની કુલ-૦૭ નવી જગ્યાઓનું મહેકમ ઉભુ કરવા અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી મળેલ છે. જે અન્વયે ઉક્ત ૦૭(સાત) જગ્યાઓ વંચાણે લીધેલ ક્રમાંક:(૫) પરની વિભાગની તા.૦૪/૧૧/૨૦૨૩ની અધિસૂચનાથી બદલી અને વધારાનો હવાલો સોંપી ભરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૬) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૨૧/૧૨/૨૦૨૩ ના પત્રથી સદરહુ ૦૭(સાત) મહાનગરપાલિકા વિસ્તારના સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨(મહાનગરપાલિકા)ને અનુસૂચિત જાતિના લોકોને જાતિના પ્રમાણપત્રો આપવા માટે સત્તા સોંપવા બાબતની દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ઉપરોક્ત વંચાણે લીધેલ ઠરાવોને સાંકળીને અનુસૂચિત જાતિના લોકોને ઝડપથી, સમયમર્યાદામાં અને સરળતાથી જાતિ પ્રમાણપત્રો મળી રહે તે હેતુથી અનુસૂચિત જાતિના પ્રમાણપત્રો આપવા માટે નીચે મુજબના સક્ષમ સત્તાધિકારીઓએ સત્તા સોંપવામાં આવે છે.

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટ / અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ / નાયબ કમિશ્નર / કલેકટર / અધિક નાયબ કમિશ્નર / નાયબ કલેકટર / પ્રથમ વર્ગના સવેતન મેજિસ્ટ્રેટ / સીટી મેજિસ્ટ્રેટ / પેટા વિભાગીય મેજિસ્ટ્રેટ (પ્રથમ વર્ગના સવેતન મેજીસ્ટ્રેટથી ઉતરતી કક્ષાના નહિ) / તાલુકા મેજીસ્ટ્રેટ / કાર્યપાલક મેજિસ્ટ્રેટ.

(૨) મુખ્ય પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ / વધારાના મુખ્ય પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ / પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટ.

(૩) અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામક.

(૪) મામલતદારથી નીચેની કક્ષાના ન હોય તેવા મહેસૂલી અધિકારી.

(૫) ઉમેદવાર અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

(૬) વહીવટદાર / વહીવટદારના સેક્રેટરી / વિકાસ અધિકારી / લક્ષદીપ અને મિનિકોય ટાપુઓ.

(૭) જિલ્લા વિકાસ અધિકારીઓ / નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ / તાલુકા વિકાસ અધિકારીઓ.

(૮) નાયબ નિયામક, વર્ગ-૧ (અનુસૂચિત જાતિ કલ્યાણ).

(૯) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(પંચાયત).

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 04-Oct-2024 (01:31 PM)

(૧૦) સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨.

(૧૧) સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૨ (મહાનગરપાલિકા).

વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના વિભાગના તા.૦૨/૦૮/૨૦૧૦ના ઠરાવ તેમજ વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના વિભાગના તા.૦૫/૦૧/૨૦૧૩ ના ઠરાવમાં સૂચવ્યા મુજબની સૂચનાઓ તેમજ જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અ.મુ.સ.શ્રી(સા.ન્યા.)ની તા.૧૮/૦૯/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 04-Oct-2024 (01:31 PM)

(ધર્મિષ્ઠા વસાવા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ સવિનય રવાના:

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદારભવન, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સરદારભવન, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સરદારભવન, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/સચિવશ્રીઓ, સરદારભવન, ગાંધીનગર. (આ સૂચના તાબા હસ્તકના વડાઓ તથા પ્રાદેશિક અધિકારીઓના ધ્યાને લાવવાની વિનંતી સહ.)
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. (આ બાબત સંબંધિત સર્વે સક્ષમ અધિકારીશ્રીઓના ધ્યાન ઉપર લાવવા સારુ.)
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે મદદનીશ કલેક્ટરશ્રી/નાયબ કલેક્ટરશ્રી.

– સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

– સર્વે મામલતદારશ્રીઓ.

– સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.

– સર્વે નાયબ નિયામકશ્રી(અ.જા.ક.)/સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)/ સમાજ કલ્યાણ અધિકારી/સમાજકલ્યાણ અધિકારી(મહાનગરપાલિકા) (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફતે)

– સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સરદારભવન, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ.

– સિલેક્ટ ફાઇલ–૨૦૨૪

---

* પત્ર દ્વારા.

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 04-Oct-2024 (01:31 PM)